ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૩-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

## આપણામાં છુપાયેલા આસુરી તત્વના દહનનું પર્વ

હોળીનો જે ઉમંગ ઉત્તર ભારતનાં રાજ્યોમાં વરતાય છે તેની સરખામણીએ ગુજરાતની હોળી ફિક્કીફસ જ લાગે. આપણે રહ્યા લક્ષ્મી પૂજકો. દીપોત્સવીએ આપણો મુખ્ય તહેવાર. હોળીમાં વસંતનો છાક છે, આપણે ત્યાં શારદીય નવરાત્રીનો મહિમા છે. કોણ જાણે ઉત્સવો અને પર્વો પણ પ્રજાની માનસિકતાનું જ પ્રતિબિંબ પાડતા હશે કે શું?

તમને શહેરોમાં જે ઉમંગ દિવાળી ટાણે જોવા મળે તે જ બલકે એથી સવાયો ઉમંગ હોળી-ધુળેટી નિમિત્તે આપણા આદિવાસી પંથકમાં જામતો હોય છે. અહીં ઉજવણી માટે અન્ય કશા વૈભવની આવશ્યકતા નથી; એ માટે છલોછલ જોબન જોઈએ, થોડા રંગ જોઈએ અને રંગોના વિકલ્પે પાણી પણ ચાલે. બળેલું તેલ, છાણ-માટી-કીચડ, કલેડાની મેંશ અને ડામર સુધ્ધાં ખપે. ઉદ્દેશ તો બે ઘડી મોજ માણવાનો જ છે ને! બારે માસ સોગિયું ડાચું રાખીને ફરનારાને પણ હોળીના દિવસે હસવું પડે. આવો લોકોત્સવ પ્રકારાન્તરે દુનિયાના અન્ય દેશોમાં પણ ઊજવાતો હોય છે. કયાંક એકમેક પર ટમેટાં ફેંકાય છે તો ક્યાંક ગંદા કીચડમાં ખાબકીને લોકો આદિમતાની ખોવાયેલી જણસ ખોજતા રહે છે. આખરે બહારના સૌંદર્ય અને કુરૂપતા કરતાં મનનો કાદવ બહાર ઉલેચવામાં જ મનખા- અવતારની ઈતિશ્રી લેખાશે. ભારતીય લોકોત્સવોમાં આ ગર્ભિત વિજ્ઞાન છુપાયેલું છે. રંગે રંગાઈ જવું, ઓતપ્રોત થઈ જવું એટલે અસ્તિત્વને આત્મસાત કરી લેવું. એકાકાર થઈ જવાની આ ઘટના માનવીય ચેતનાની ઊર્ધ્વારોહણની ઝંખનાનો આખરી પડાવ છે. હોળી સાથે એકાધિક પુરાકલ્પન સંકળાયેલાં છે. સૌથી પ્રચલિત છે ભક્ત પ્રહલાદ અને હોલિકાની કથા. હોલિકા દહન એ સંદર્ભે આપણા અસ્તિત્વના એક અનિવાર્ય અંશ સમા આસુરી તત્વના દહનનું પર્વ છે. એ આપણા માણસપણાની કઠોર અગ્નિપરીક્ષા છે. આપણામાં રહેલી હોલિકા ભલે ગમે તેટલી બળૂકી હોય, એને અગ્નિ સામે રાક્ષસી રક્ષાકવચ સાંપડેલું હોય તો પણ એને બાળીને ભસ્મ કરવી જ રહી. એ નકારાત્મક પરિબળ છે, જેનો પરાજય થાય તે આપણા 'સત્' તત્વના પ્રતીક રૂપ પ્રહલાદના જય જયકાર માટે અનિવાર્ય લેખાવો જોઈએ. ઈશ્વર આપણા અહંકારના તમસનો ખુરદો બોલાવવા થાંભલો ફાડીને પ્રગટશે. આપણામાં એટલી શ્રદ્ધા હોવી જોઈએ.

હોળી-ધુળેટીનો આનંદ-ઉલ્લાસના વાસંતી પર્વ તરીકે સદીઓથી સ્વીકાર અને પુરસ્કાર થતો રહ્યો છે. વ્રજની હોળીએ વિશ્વના શ્રેષ્ઠ ઉત્સવો પૈકીનો એક ગણાય છે. કૃષ્ણને પ્રેમ અને યૌવનના મહાનાયક તરીકે રજૂ કરતા આ લોકોત્સવનો જગતમાં જોટો જડવો મુશ્કેલ છે. બિહારમાં ભોજપુરી લોકશૈલીનો હોલિકોત્સવ આખરે તો વ્રજની હોળીનો જ અનુવાદ છે. રાષ્ટ્રીય પર્વ લેખે હોળીએ સમગ્ર ભારતીય પ્રજા સમુદાયનું બિનસાંપ્રદાયિક પર્વ બની રહ્યું છે. મોગલ બાદશાહો અને સુલતાનો પણ એના રંગે રંગાયા છે અને અંગ્રેજ હાકેમો પણ દેશી લોકો સાથે ઢોલના તાલે નાચ્યા છે. આમ તો આ વસંતોત્સવ છેક વસંતપંચમીથી શરૂ થઈ રંગપંચમી પર્યંત વિસ્તરે છે. બરાબર આ જ મોસમ ખેતરોમાં લણણીની હોય છે. ધરતી સાથે નાભિનાળ સંબંધથી જોડાયેલો માનવી આ પર્વમાં ધરતી પ્રત્યેના અહોભાવ અને કૃતજ્ઞતાનો જ જાહેર ઉદ્ઘોષ કરે છે. પરંતુ બદલાયેલા સંજોગોમાં જ્યારે ધરતીનું વધુ પડતું દોહન દુકાળમાં પરિણમતું જોવા મળતું હોય ત્યારે હોળી-ધૂળેટીનું પર્વ પણ સંયમ પૂર્વક ઊજવવું જોઈએ. પાણીનો વધુ પડતો બગાડ અટકાવવો જોઈએ અને 'ઈકો-ફ્રેન્ડલી'- પર્યાવરણને અનુકૂળ હોળી ઊજવવાનો વિકલ્પ સ્વીકારવો જોઈએ. સૌને હોળી મુબારક!

# પેથાપુર હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું


(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૫

શેઠ. મ.ભ. હાઈસ્કૂલ પેથાપુરના ૧૯૬૮/૬૯ની બેચના એસએસસી ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહ મિલન સમારંભ અને ગુરૂવંદના કાર્યક્રમ સે.૨૩ લગ્નવાડી ખાતે યોજાયો. જેમાં ૧૫૦ ઉપરાંત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમનાં પરિવાર સહિત ઉપસ્થિત રહ્યાં.

શાળાનાં તત્કાલીન ગુરૂજનો મણીભાઈ પટેલ, રવિન્દ્રભાઈ પટેલ, ભગુભાઈ પટેલ, નથ્થુભાઈ પટેલ અને સુમિત્રાબેન પરીખે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા. જીવનને પ્રેરણારૂપ બનાવી માતા પિતા અને વડીલોની સેવા કરી તેમનાં આશીર્વાદ મેળવવાની તેમણે શીખ આપી. દરેક વિદ્યાર્થીઓએ ક્રમશઃ ઉભા થઈ ગુરૂજનોના આશીર્વાદ મેળવ્યા તે વખતે લાગણીસભર દૃશ્ય સર્જાયું.

૪૪ વર્ષ પહેલાનાં સંસ્મરણો તાજા કરતાં વિદ્યાર્થીઓ અને ગુરૂજનોની આંખો ભીંજાઈ. શેઠ મ.ભ. હાઈસ્કૂલનાં વર્તમાન આચાર્ય પ્રવિણભાઈ પટેલે વિદ્યાર્થીઓને આ બેચની ભારોભાર પ્રશંસા કરી વિવિધક્ષેત્રે હાઈસ્કૂલનું નામ રોશન કરવા બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા. સમારંભનાં પ્રમુખ પદે કનુભાઈ મોદી અને ખાસ આમંત્રિત મહેમાન તરીકે શ્રીમતી રૂપાબેન ચાવડા ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનું શૅર શાયરી સાથે ઝમકદાર સંચાલન પોપટલાલ પ્રજાપતિએ કર્યું.

કાર્યક્રમના આયોજનમાં જશવંત મોદી, હર્ષદભાઈ ભટ્ટ, મોહનભાઈ પરમાર, પ્રહ્લાદભાઈ નાયી વિગેરેએ વિશેષ યોગદાન આપ્યું. અવારનવાર આવા સંમેલનો દ્વારા મિત્રો વચ્ચે જીવંત સંપર્ક રાખી એકબીજાને મદદરૂપ થવાનો નિર્ણય કરી આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં અંતે સૌ સમુહ ભોજન કરી વિખરાયાં.

# નોકરીની લાલચ આપી હજારો વિદ્યાર્થીઓ સાથે ઠગાઇ કરાઇ

અમદાવાદ, તા.૨૫

સાક્ષરતા અભિયાનમાં ૧૦૦૦૦ જેટલા શિક્ષકોની જરૂર છે તેવી જાહેરાત આપીને વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન ફોર્મ ભરાવી રૂપિયા ૩૦૦-૩૦૦ની ફી ઉઘરાવી છેતરપિંડી આચરાઈ હોવાનો કિસ્સો સામે આવતા શિક્ષણ જગતાં ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગરની સંસ્થા ગુજરાત સ્ટેટ એજ્યુકેશન કન્સલ્ટિંગ સર્વિસ નામની એક સંસ્થાએ સાક્ષરતા અભિયાન અંતર્ગત આદિવાસી વિસ્તારમાં ૧૦૦૦૦ શિક્ષકોની ભરતી કરવાની જાહેરાત વર્તમાન પત્રોમાં આપી હતી અને નોકરી માટે ઉત્સુક ઉમેદવારોને સંસ્થાની વેબસાઈટ પર રૂપિયા ૩૦૦ના ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવી ફોર્મ ભરવા માટે જણાવવામાં આવ્યું હોવાની સૂચના લવાઈ હતી. આ વેબસાઈટ પર કોન્ટેક્ટ એડ્રેસમાં ૨૦૮, સુમન ટાવર, ગાંધીનગર સેક્ટર ૧-૧૧ લખવામાં આવ્યું હતુ જો કે આ સ્થળે વિદ્યારથીઓએ તપાસ કરતા આવી કોઈ સંસ્થાની ઓફિસ ન હોવાનું જાણવા મળ્યુ હતુ જેના કારણે કોઈ લેભાગુ તત્વ લાખો રૂપિયાની ઠગાઈ આચરી ફરાર થઈ ગયા હોવાની વિદ્યાર્થીઓને ખાત્રી થઈ હતી. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં બેકાર યુવાનોને નોકરી આપવાના બહાના હેઠળ ઠગાઈના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવી ચે. તેમ છતાં વિદ્યાર્થીઓ નોકરી મેળવવાની લાલચમાં વારંવાર પુરતી તપાસ કર્યા વીના આવા ઠગ લોકોના ભોગ બની રહ્યા છે.

# ગુજકેટ માટેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન ૩૦મીથી થઈ શકશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના પરીક્ષા સચિવ જી.એમ. રબારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, બોર્ડ દ્વારા મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે લેવામાં આવનાર ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) મે ૨૦૧૩ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે જે માટે શાળાઓ અને ઉમેદવારોએ પોતાના યુઝર-આઈડી-પાસવર્ડનો ઉપયોગ કરી તા.૩૦મી માર્ચ ૨૦૧૩થી ૧૫મી એપ્રિલ ૨૦૧૩ સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી લેવું.

મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે જે તે નક્કી કરેલા વિતરણ કેન્દ્ર પરથી માહિતી પુસ્તિકા અને પીન નંબર તા.૩૦મી માર્ચ ૨૦૧૩ અને ૩૧મી માર્ચ ૨૦૧૩ પરથી ઉમેદવાર દીઠ પરીક્ષા ફી રૂ. ૨૫૦નો 'સચિવશ્રી, ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ સેલ, ગાંધીનગર'ના નામનો ડી.ડી. આપવાથી મળી શકશે. ઉપરાંત ગાંધીનગર, વડોદરા, સુરત અને રાજકોટ ખાતેથી તા.૩૦મી માર્ચથી ૧૫મી એપ્રિલ સુધીમાં માહિતી પુસ્તિકા અને પીન નંબર મળી શકશે. યુઝર આઈડી પાસવર્ડનો ઉપયોગ કરી **gujcet.gseb.org** વેબસાઈટ પર લોગ ઈન કરી ગુજકેટ ૨૦૧૩નું રજીસ્ટ્રેશન કરાવી શકાશે. વિજ્ઞાન પ્રવાહ ધરાવતી શાળાઓએ તેમની શાળાના તમામ ઉમેદવરોનો પરીક્ષા ફીનો સંયુકત ડી.ડી. કઢાવી માહિતી પુસ્તિકા પીન નંબર મેળવવાનો રહેશે. ઉમેદવારે ફોટો અને હસ્તાક્ષર પણ અપલોડ કરવાના રહેશે. ઓનલાઈન રજીસ્ટ્રેશનમાં ઈ-મેઈલ નંબર અને મોબાઈલ નંબરની વિગતો પણ ફરજીયાત આપવાની રહેશે.

# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ ચોથી એપ્રિલે પી.પી.પી.ના વિરોધમાં ધરણા ધરશે

ગાંધીનગર, તા. ૨૫

શૈક્ષણિક સંસ્થાઓના ખાનગીકરણથી શિક્ષણનો ગ્રાફ નીચો આવી રહ્યો છે જે નિર્વિવાદ સત્ય છે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પી.પી.પી.)નું ભૂત હાલમાં સમગ્ર દેશમાં ચિંતા પ્રેરક બન્યુ છે ત્યારે ઓલ ઈન્ડિયા પ્રાયમરી ટીચર્સ ફેડરેશને તા. ૪ એપ્રિલ ૨૦૧૩ના દિવસે નવી દિલ્હી ખાતે સંસદ ભવન સામે અસરકારક ધરણાનું વ્યાપક આયોજન હાથ ધર્યું છે.

શિક્ષણનું વ્યાપારીકરણ કરવાથી વિદ્યાર્થી, વાલી, શિક્ષક તથા શિક્ષણ ખતરારૂપ બન્યા છે. છેલ્લા દશ વર્ષમાં પ્રતિ વર્ષ અખતરારૂપ વિચારો શિક્ષણ પર લાદીને ખતરાની ઘંટી વગાડતા લોકો સામે લાલબત્તી ધરવા ઓલ ઈન્ડિયા પ્રાયમરી ટીચર્સ ફેડરેશન ૪ એપ્રિલ ૨૦૧૩ના રોજ નવી દિલ્હી જશે અને સંસદ ભવન સામે અસરકારક ધરણા ધરશે. સરકારની પી.પી.પી. નીતિનો જોરદાર વિરોધ કરી તેનાં ભાવિ વિપરીત પરિણામો અંગે લાલબત્તી ધરવા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી બળદેવભાઈ ચૌધરીએ રાજ્યના પ્રાથમિક શિક્ષકોને ૪ એપ્રિલે દિલ્હીમાં ઉમટી પડવા હાંકલ કરી છે.

# ગુજ.યુનિમાં ધક્કામુકકીના દ્રશ્યો

### એક સાથે હજારો વિદ્યાર્થીઓ સહી સિક્કા કરાવા પહોંચતા કેમ્પસમાં અરાજકતા

અમદાવાદ, તા.૨૫

ગુજરાત યુનિવર્સિટીમાં અત્યારે એમએ અને એમકોમની એક્સ્ટર્નલ પરીક્ષાના ફોર્મમાં સહી સિક્કા કરાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં આજે યુનિવર્સિટી દ્વારા એક સાથે હજારો વિદ્યાર્થીઓને સહી સિક્કા માટે બોલાવાતા યુનિવર્સિટીમાં અરાજકતાની સ્થિતી સર્જાઈ હતી.

ગુજરાત યુનિવર્સિટીમાં ધક્કામુક્કી અને અરાજકતાના દ્રશ્યો એ કોઈ નવી વાત નથી. પરંતુ જ્યારથી યુનિવર્સિટીના કુલપતિ પદે આદેશપાલે ચાર્જ સંભાળ્યો છે ત્યારથી આ દ્રશ્યો જાણે કે, યુનિવર્સિટીની ઓળખ બની ગયા છે. યુનિવર્સિટીના અણઘડ વહીવટ અને તઘલકી નિર્ણયોની સામે વિદ્યાર્થીઓના દેખાવો યોજાઈ રહ્યા છે. જેમાં એકપણ દિવસ યુનિવર્સિટી કેમ્પસ સુત્રોચ્ચાર વગર દેખાતું નથી. તેમ છતાં યુનિવર્સિટીનું નઘરોળ તંત્ર ગાઢ નિંદ્રામાં પોઢી રહ્યું છે. પોતાની પાછળની ભુલોથી જાણે કંઈ શીખવા ન માગતું યુનિવર્સિટી તંત્રએ પોતાની ભુલોની પરંપરા યથાવત રાખી છે અને આજે એક સાથે હજારો વિદ્યાર્થીઓને એમએ અને એમ કોમના એક્સ્ટર્નલ પરીક્ષાના ફોર્મમાં સહી સિક્કા કરવા બોલાવ્યા હતા. એક સાથે હજારો વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં પહોંચતા યુનિવર્સિટીમાં અરાજકતાની સ્થિતી સર્જાઈ હતી. વિદ્યાર્થીઓ કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવું પડ્યું હતું તથા તેમ છતાં કેટલાક વિદ્યાર્થીઓ સાંજે સહી સિક્કા કરાવ્યા વીના જ ઘરે પરત ફરવાનો વારો આવ્યો હતો.

એક બાજુ હજારો વિદ્યાર્થીઓને સહી સિક્કા કરવા માટે બોલાવામાં આવ્યા હતા. તો બીજી બાજુ તેના માટેની કોઈ વ્યવસ્થા યુનિવર્સિટી તંત્ર દ્વારા કરવામાં આવી ન હતી. પરિણામે વિદ્યાર્થીઓ વચ્ચે વારંવાર લાઈન તોડવા બાબતે ઉગ્રબોલાચાલ અને ગાળાગાળીના દ્રશ્યો જોવા મળ્યા હતા. ૩૫ થી ૪૦ ડીગ્રીની ગરમી વચ્ચે પણ વિદ્યાર્થીઓએ તડકામાં લાઈનમાં ઉભા રહેવાનો વારો આવ્યો હતો. જેથી અકળાયેલા વિદ્યાર્થીઓએ હોબાળો મચાવ્યો હતો. વિદ્યાર્થીઓના રોષને કાબુમાં લેવામાં યુનિવર્સિટી પ્રશાસન પણ નિષ્ફળ રહ્યું હતું. પરીણામે યુનિવર્સિટીએ જાણે વિદ્યાનું ધામની જગ્યાએ લડાઈનો અખાડો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

# રાજેશ ખન્નાનો 'અંદાઝ'...!! જિંદગી ઈક સફર હૈ સુહાના, યહાં કલ કયા હો કિસને જાના...!!

## 'શિવરંજની' એ હિન્દી ફિલ્મોના પ્રથમ સુપરસ્ટાર રાજેશ ખન્નાના સદાબહાર ગીતોની જબરદસ્ત રજૂઆત સાથે 'જિંદગી કા સફર... હૈ યે કૈસા સફર...' કાર્યક્રમથી 'યાદ આ ગયા મુજકો ગુજરા જમાના'ની માફક શ્રોતાઓને મધુર ગીતોની જૂની યાદો તાજી કરાવી

### ઉઘડતે પડદે

- સંજય થોરાત

પ્રથમ સુપરસ્ટાર રાજેશ ખન્ના, સંગીતકાર આર.ડી.બર્મન અને ગાયક કિશોર કુમાર એટલે કે એક જગા જમા હો તીનો 'ધમાલ સદાબહાર ગીતોની વણઝાર'... 'આરાધના' થી મચાવેલી મેલોડીયસ ધૂનોની ધુમ કયારેય અટકી જ નહીં. 'મેરે સપનોંકી રાની કબ આયેગી' અને 'રૂપ તેરા મસ્તાના, પ્યાર મેરા દિવાના' નો દોર શરૂ થયેલો તે એની અસર તો જુઓ ગયા વર્ષે રાજેશ ખન્નાનો પડદો પડી ગયો અને 'શિવરંજની'એ આજે એના સદાબહાર ગીતોનાં સફળ કાર્યક્રમ યોજયો અને એને અમે 'ઉઘડતે પડદે' માં ફરી દશ્યમાન કરીએ છીએ...

'ચિનગારી કોઈ ભડકે' (અમર પ્રેમ), 'મૈ શાયર બદનામ...' (નમક હરામ), 'દિવાના લેકે આયા હૂં...' (મેરે જીવન સાથી) અને 'પ્યાર દીવાના હોતા હૈ, મસ્તાના હોતા હૈ...' (કટી પતંગ) જેવાં એકલ ગીતોનો ઢગલો છે એટલું જ નહીં. હમ દોનો દો પ્રેમી દુનિયા છોડ ચલે...' (અજનબી), 'સૂન ચંપા, સુન તારા, કોઈ જીતા કોઈ હારા...' (અપના દેશ) અને 'કરવટે બદલતે રહે સારી રાત હમ...' (આપકી કસમ) એમ કેટલાય ગીતો લતા સાથેનાં છે... રાજેશ ખન્નામાં ગીતો જ હીટ હતા એટલે કાર્યક્રમનાં સફળતાની વકી હતી... કિશોરના ગીતો માટે લાવેલો કલાકાર ખરેખર ખુબ તૈયારી સાથે આવેલો અને એણે 'શિવરંજની' ના ભરોસાને કાયમ કર્યો...

રાજેશ ખન્નાના ગીતોને માણવા માટે પધારેલાં સૌનું પિનાકીન વ્યાસે સ્વાગત કરીને કીધું કે, 'નવરસ' ના દરેક રસનો આસ્વાદ કરાવવાનું અમારૂં કર્તવ્ય છે. શિવરંજની સંગીતને વરેલી છે અને એ સંગીતનાં કાર્યક્રમો આપવા કટીબધ્ધ છે... સંસ્થાના પ્રમુખ વાગ્મિન બુચે ૧૯૭૨ થી શરૂ થયેલી 'શિવરંજની' એ રાજેશ ખન્નાની જેમ જ સંગીતના ઉતાર-ચઢાવ જોયાં છે. સંગીતના સંસ્કાર વારસાને જાળવવાનો અમે પ્રાયસ કરીએ છીએ એમ કહ્યું. નવ વર્ષ પહેલાં નવપલ્લવિત થયેલી 'શિવરંજની' આ સાલ એનાં ૧૦માં વર્ષને એના નિયમિત ૫ અને વધારાનાં બોનસ ૩ પ્રોગ્રામ સાથે સેલિબ્રેટ કરવા માંગે છે એવી જાહેરાત કરી...

'એક પંખીનાં ગળે ચિરો પડે, લોહીની સાથે પછી ટહૂકો પડે, જિંદગીનાં સ્ટેજ પર એવું બને, રોલ બાકી હોય ને પડદો પડે... બસ આમ જ ૧૮-૭-૨૦૧૨ નાં રોજ રાજેશ ખન્ના ઉર્ફે કાકા ઉર્ફે ગુરખો ઉર્ફે 'બાબુ મોશાય'ની કહાની પર પરદો પડી ગયો...' ફિલ્મોની દુનિયામાં તમારૂં કોઈ ભવિષ્ય નથી હા, લોખંડનાં ધંધામાં પડશો તો જરૂર ધન અને નામ બંને કમાશો' આ શબ્દો જતીન ખન્ના નામનાં નાટ્યપ્રેમી એક્ટરને એક ખ્યાતનામ જયોતિષીએ કુંડળી જોઈને કહેલું... સમયની બલિહારી જુઓ કે આ જતીન, રાજેશ ખન્ના બની સુપર સ્ટાર બન્યો અને જયોતિષી આનાં ત્યાં જ પછી તો એકાઉન્ટ સંભાળવાં આવતો...

રાજેશ ખન્નાએ ૧૯૬૯, ૭૦ અને ૭૧ ત્રણ વર્ષમાં કઈ કઈ ફિલ્મો આપી હતી? આરાધના, દો રાસ્તે, ઈત્તેફાક, ખામોશી, સફર, સચ્ચા જૂઠ્ઠા, ધ ટ્રેન, આન મિલો સજના, આનંદ, કટી પતંગ, હાશી મેરે, સાથી, મર્યાદા, અમર પ્રેમ અને દુશ્મન... એક સફળ ફિલ્મો અને સુપરહીટ ગીતોનું જાણે કે વાવાઝોડું ફુંકાયેલું... આ ફિલ્મોનાં જ કેટલાય ગીતો આજના કાર્યક્રમમાં ગવાયેલા. મન્નાડેનાં અવાજમાં ગવાયેલું.

જિંદગી કૈસી યે પહેલી હા યે, કભી તો હસાયે, કભી યે રૂલાયે ''સુંદર ગીતની રજૂઆત સાથે 'જિતીન-અમીન' બંધુઓએ કાર્યક્રમનાં ઉઘાડ-ઉપાડ મસ્તીથી કર્યો...

દિવાના લેકે આયા હૈ (મેરે જીવન સાથી) અને પ્યાર દિવાના હોતા હૈ મસ્તાના હોતે હૈ (કટી પતંગ) બબ્બે કિશોરનાં ગીતો અને મદમસ્ત રજૂઆત ટાઉનહૉલમાં રાજેશ ખન્નાનો માહોલ બની રહ્યો... રફી લગાનું ડ્યુએટ સોંગ 'સચ્ચા-જુઠાનું' 'યુ હી તુમ મુઝસે બાત કરતી હો, યા કોઈ પ્યાર કા ઈરાદા હૈ.' જામી ગયું કલ્યાણજી- આણંદજીએ રાજેશ ખન્ના હીરો હોવા છતાં આ ગીત રફી પાસે ગવરાવ્યુ તો એ જ ફિલ્મનું અતિ પ્રસિદ્ધ ગીત 'મેરી પ્યારી બહેનીયા બનેગી દુલ્હનીયા'માં કિશોરનો કંઠ હતો...

મેરે નૈના સાવન ભાદો.. ફીર ભી મેરા મન પ્યાસા (મહેબુબ)નું ગીત અને એમાં સંગીતની બારીકાઈ સાથે ફલ્યુટના ટુકડાએ રંગત જમાવી અને વન્સમોરની ડિમાન્ડ પણ થઈ... આ ગીત 'શિવરંજની' રાગ આધારીત હતું અને ખાસ આ કાર્યક્રમ માટે ગવાયું... પોઝીટીવ થિંકીંગના આધારે રચાયેલું અને આપઘાત કરવા જતી વ્યક્તિને જીવન તરફ વાળવા સક્ષમ એવું મહંમદ અઝીઝે ગાયેલું 'આખિર ક્યું' નું 'એક અંધેરા લાખ સિતારે, એક નિરાશા લાખ સહારે, સબસે બડી સૌગાત હૈ જીવન,નાદા હૈ જો જીવન સે હારે..' ભાવપૂર્વક રજૂ થયું, આજે ફિલ્મનું અન્ય એક ગીત 'દુશ્મન ન કરે દોસ્તને વો કામ કીયા હૈ' કિશોર કુમારના દીકરા અમીત કુમારે ગાયું છે એટલે એ ગીત માટે ગુજરાતમાં એમ જ કહેવાય કે ભત્રીજાએ 'કાકા' માટે ગાયું!!!

'અંદાઝ' ફિલ્મનું 'જિંદગી ઈક સફર હૈ સુહાના' ગીત ગાવા રાજેશ ખન્ના મહેમાન કલાકાર તરીકે હતાં અને એ ફિલ્મમાં મુખ્ય હીરો શમ્મીકપૂર હતાં. પણ પછી પોસ્ટરમાંય નાકની દાડી પર ટેકવેલા ગોગલ્સવાળો રાજેશ ખન્ના જ ભિંતો પર ચોટેલો જોવા મળતો. આ ગીતની બીજી ખાસીયત એટલે એ વખતે મુંબઈમાં કન્જકિટવાઈટીસ ફેલાયેલો અને ખન્નાને આંખો આવેલી એટલે 'કાકા' એ મોટા ગોગલ્સ ચઢાવી ગાયન ગાયું અને 'અંદાજ ગોગલ્સ'ની ફેશન ચાલી નીકળી.. રાજેશ ખન્નાએ ફેશનનાં ટ્રેડ માર્ગ ગણાતા એમણે એમની ફાંદ ઢાંકવા પહેલાં સ્ટેન્ડ પટ્ટી કોલરવાળો ઝભ્ભો કે જેન 'ગુરૂ શર્ટ' કહેવાતો એની પણ જબરદસ્ત ફેશન ચાલેલી..!!

રાજેશ ખન્ના પાછળ એક આખી ઘેલછા ઉભી થયેલી. 'દો રાસ્તે'ના ગીત 'યે રેશ્મી ઝુલ્ફે, યે શરબતી આંખે'ના શુટીંગ વખતે 'કાકા'ના ચહેરા પર ખીલ થયેલા અને મજબૂરીમાં દાઢી વધારવી પડેલી અને પછીએ ફેશનનાં દોરમાં જતી રહી.. 'અમર પ્રેમ'નું ગીત 'કુછ તો લોગ કહેંગે, લોગો કા કામ હૈ કહેના..' કોરા કાગઝથા યે મન મેરા (આરાધના), અકેલે હૈ ચલે



(તસવીર : દિપક જાની)

આઓ, જહાં હો.. (રાઝ)... યે લાલ રંગ કબ મુઝે છોડેગા.. મેરે નસીબ મે યે દોસ્ત તેરા પ્યાર નહીં... યે શામ મસ્તાની મદહોશ કીયે જાય... એક બાદ એક સુપર હીટ ગીતોની આખી રૉ ઉતારી દીધી...

ફર્સ્ટ ઈન્ડીયન સુપર સ્ટારે ૧૯૬૦માં એન્ટ્રી લીધી અને ૧૮૦ ફિલ્મો, ૧૦૬ લીડ રોલ, ૨૫થી વધુ બ્લૉકબસ્ટર, ૩૬ સિલ્વર જ્યુબીલી, ૨ ડબલ સિલ્વર જયુબિલી, ફિલ્મીફેર એવોર્ડ.. સુપરહીટ ફિલ્મો, ગીતો અને એવોર્ડનો છલોછલ ખજાનો.. કભી બેબસીને મારા, કભી બેકસીને મારા (અલગ અલગ).. ગુના ગુના રહે હૈ, ભવરે ખીલ રહી હૈ કલી કલી (આરાધના)... દીયે જલતે હૈ, ફુલ ખીલતે હૈ (નમક હરામ).. જિંદગી પ્યાર કા ગીત હૈ, ઉસે હર દિલકો ગાના પડેગા (સૌતન)... ગુલાબી આંખે જો તેરી દેખી (ધ ટ્રેન).. વો શામ કુછ અજીબ થી, યે શામ ભી અજીબ હૈ (ખમોશી)... જય જય શિવશંકર કાંટા લાગેના કંકર (આપ કી કસમ).. દરેકે દરેક ગીતની રજૂઆત વખાણવા લાયક જ રહી...

રાજેશ ખન્ના એક અતિ સમૃદ્ધ પરિવારનાં સંતાન હતા અને એમનાં સ્ટ્રગલ પિરિયડમાં પણ એમ્પાલા ગાડી લઈ રોલ શોધવા નીકળતાં... એ જયારે સ્ટારડમ પામ્યા ત્યારે એમનાં ઓટોગ્રાફ માટે લાંબી લાઈનો લાગતી.. બિનાકા ગીતમાલામાં બે વર્ષ સુધી માત્ર એમની ફિલ્મનાં જ ગીતો ગૂંઝેલા.. આમ તો કિશોરનાં કંઠને આત્મસાત થયેલાં રાજેશ ખન્ના માટે અન્ય ગાયકોએ પણ કંઠ આપેલો અને એ ગીતો પણ એટલાં જ પ્રખ્યાત થયેલાં.. રાજેશ ખન્નાની પહેલી ફિલ્મ 'આખરી ખત'માં 'ઔર કુછ દેર ઠહર, ઔર કુછ દેરના જા' રફીએ ગાયેલું અને એ અહીં રજૂ કરાયું.. પબ્લિક ડિમાન્ડ પર આવેલાં 'ચિનગારી કોઈ ભડકે', 'રૈના બીતી જાયે, શામના આયે' અને 'જીવન સે ભરી તેરી આંખે' રજૂ કરીને સંગીતકારોએ એમની કમાલ બતાવેલી...

હજાર રાહે, મુડકે દેખી (થોડીસી બેવફાઈ).. નફરત કી દુનિયા કો છોડકર પ્યાર કી દુનિયા મેં (હાથી મેરે સાથી) અને 'શિવરંજની'ના કાર્યક્રમનું ટાઈટલ સોંગ 'જિંદગી કા સફર, હૈ કૈસા સફર, કોઈ સમજા નહીં (સફર) ગીત સાથે 'બાબુ મુશાય'ના ગીતો પર પરદો પડી ગયો...

આ કાર્યક્રમમાં કિશોર કુમાર માટે નિલેશ વ્યાસ, ફિમેલ સિંગર કોશા પંડ્યા અને અન્ય ગાયકો માટે મિહીર જાનીએ એમનો સ્વર આપ્યો.. જિતની-અમીત વૈષ્ણવ ઑરકેષ્ટ્રાએ ખૂબ મહેનત કરેલી એ દેખાઈ આવી. ગિટાર- કિબોર્ડ- ઢોલક- તબલાં સૌનું ટીમવર્ક જ આ કાર્યક્રમને ઉંચાઈ બક્ષી શક્યું... ફલ્યુટ આર્ટીસ્ટે રંગ રાખ્યો જ્યાં એમનો પાર્ટ હતો ત્યાં બિલકુલ કુશળતાથી વગાડી ઑરીજીનલ ટચ આપ્યો. વૉઈસ ઑફ કિશોરે જ્યાં સિરિયલ અને લૉ પીચવાળાં ગીતમાં રંગ રાખ્યો ત્યાં યુડલીંગમાં થાપ ખાઈ ગયાં. મિહીર જાનીએ જ્યારે પહેલું મન્નાડેનું ગીત ગાયું ત્યારે તો મનમાં ફાળ પડી કે આ કાર્યક્રમનો ભાંગરો વાટશે, પણ પછીના બધાં ગીતોનાં સિંગરોમાં એ આબાદ છવાયો.. કોશાને ભાગે એક જ સોલો અને એનોય એક જ અંતરો આવ્યો, ડ્યુએટ પણ ઓછા મળ્યા અને છતાંય એણે સુંદર ગાયું....

કાર્યક્રમનાં સંચાલક હરદ્વાર ગોસ્વામી રાજેશ ખન્નાની ઘણી વિગતો લઈ અને તૈયારી સાથે આવેલાં, કયારેક અન્ય કવિઓની પંક્તિ કે રાજેશ ખન્નાની રંગીની વાતોમાં એમનો પતંગ ધાર્યું હોત તો હજુએ રાજેશ ખન્નાની ઘણી ઓફબીટ વાતો આપી શકયા હોત.. પણ છતાં એન્કરે એકંદરે કાર્યક્રમને જમાવી રાખ્યો.. સ્ટેજને જો થોડું શણગાર્યું હોત તો સારૂ હોત અને સાઉન્ડ સિસ્ટમમાં પણ કંઈક ખૂટવાનો કયારેક ભાસ થયો... બટ, ઑવરઓલ કાર્યક્રમ અત્યંત સુંદર અને માણવા લાયક રહ્યો... શિવરંજનીને હાર્દિક અભિનંદન.. આ વર્ષે આમેય 'શિવરંજની' આઠ કાર્યક્રમ આપવાની છે ત્યારે એમનો કલાસ જાળવવાની જવાબદારી વધવાની જ છે. રાજેશ ખન્નાની સ્ટાઈલમાં જ કહીએ તો, 'એ બાબુ મોશાઈ.. અચ્છે ગાને ગુનગાનાતે રહના.. હમ સબ તો રંગમંચ કી કઠપુતલીયાં હૈ...'